REF CASE NO.67-2012

# મજુર અદાલત, વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી જે. ડી. સિંધી સાહેબ સમક્ષ

## રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૬૭/૨૦૧૨

આંક : ૨૩

**પ્રથમ પક્ષકાર :** (૧) **મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝ**
૧૮૭ જી.આઈ.ડી.સી., વાઘોડીયા, જી. વડોદરા.

(૨) **કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્મા**
**૮/૦,** મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝ
૧૮૭ જી.આઈ.ડી.સી., વાઘોડીયા, જી. વડોદરા.

## વિરૂધ્ધ

**બીજા પક્ષકાર :** **રામ સુરત સહેબુ રાવત**
**૮/૦,** જયોતિ કર્મચારી મંડળ,
હરી વિનાયક એપાર્ટમેન્ટ, બ્રાહમ્મણ સભાની સામે,
દાંડીયા બજાર, વડોદરા.

**હાજર રહયા :**

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિદવાન યુનિયન પ્રતિનિધિશ્રી એસ.પી.બીનીવાલે |
| સામાવાળા નં. ૧ તરફે | : | વિદવાન વકીલશ્રી પિયુષ ડણાક |
| સામાવાળા નં. ૨ તરફે | : | વિદવાન વકીલશ્રી કે. એમ. શાહ |

## :: એ વો ર્ડ ::

(૧) હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વડોદરાની કચેરીના હુકમ ક્રમાંક : કે. એચ. / એસ. એચ. / એમ. સી. / ૫ / એ. જે. / ૪૮૫૬, તારીખ : ૨૩/૦૨/૨૦૧૨ થી બીજા પક્ષકાર શ્રમયોગીશ્રી રામ સુરત સહેબુ રાવતને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર નં. ૧ મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝ, વડોદરા તેમજ પ્રથમ પક્ષકાર નંબર-૨ કાશીરામ વર્માના કોન્ટ્રાકટ હેઠળ પુન: સ્થાપિત કરવા કે કેમ? તે મુદ્દાના ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) સદરહું કેસની ચર્ચા કરતાં પહેલાં આ કામે અગાઉ કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્મા ગેરહાજર

રહેતાં અત્રેની અદાલત ધ્વારા તારીખ : ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ શ્રમયોગીને કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં પડેલા દિવસોના પગારના ૩૦% બેકવેજીસ સાથે પુન:સ્થાપિત કરવાનો હુકમ થયેલો.

(૩) સદરહું હુકમ થયા બાદ કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્માને સદરહું હુકમની જાણ થતાં સદરહુ હુકમ તેઓની ગેરહાજરીમાં અને એકતરફી અને તેઓને સાંભળ્યા વગર થયેલ હોય, તેથી તેઓએ આઈ.ડી.પરચુરણ અરજી નં. ૨૫/૨૦૧૮ થી રેફરન્સ નં. ૬૭/૨૦૧૨ માં જે હુકમ થયેલ હોય તે સેટએસાઈડ કરી મુળ રેફરન્સ ફરી ફાઈલે લેવા અરજી કરતાં બન્ને પક્ષકારોને વાંધો ન હોય, સદરહુ રેફરન્સ કેસ નં. ૬૭/૨૦૧૨ ના કામમાં તા. ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ થયેલ એકતરફી હુકમ તા. ૩૧/૦૭/૨૦૧૮ ના આઈ.ડી. પરચુરણ અરજી નં. ૨૫/૨૦૧૮ ના હુકમથી સેટએસાઈડ કરી મૂળ રેફરન્સ ફરીથી ચલાવવા માટે રીસ્ટોર કરવામાં આવેલો.

(૪) ઉપરોકત હુકમ થયા બાદ કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્મા તરફે વિ. વકીલશ્રી કે. એમ. શાહ હાજર થયેલ છે અને તેઓએ આંક-૨૪ થી કોન્ટ્રાકટર તરફે જવાબ રજુ કરેલ છે.

(૫) આ કામે બીજા પક્ષકાર તરફે આંક-૩ થી માંગણાનું નિવેદન રજૂ રાખેલ છે, જેમાં જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તારીખ: ૨૫/૧૧/૧૯૯૫ ના રોજથી રીમ પોલીસીંગ ખાતામાં ગ્રાઈન્ડરમેન નાં હોદ્દા ઉપર પ્રથમ પક્ષકાર નંબર-૨ ના કોન્ટ્રાકટથી કાયમી તરીકે ફરજ બજાવતા હતા. કાયમી કામદારોને યુનિફોર્મ, બૂટ, દરવર્ષે પગારવધારો તથા આનુસાંગિક લાભો આપવામાં આવતા હતા પરંતુ આ લાભો બીજા પક્ષકારને આપવામાં આવતા ન હતા. બીજા પક્ષકારને ઓળખકાર્ડ આપવામાં આવેલ, પરંતુ નોકરીમાં જોડાયા તારીખના બદલે ઓળખકાર્ડમાં ખોટી તારીખ લખવામાં આવેલ હોય તે બાબતે તેઓએ કંપનીના અધિકારીને રજૂઆત કરતા કોઈ કાર્યવાહી કરી ન હતી. પ્રથમ પક્ષકાર નંબર-૧ સંસ્થામાં હીરો હોન્ડાના પાર્ટસ બનાવવામાં આવતા હતા અને બીજા પક્ષકાર જેટલા નંગ ફરજના સમય દરમિયાન પુરા કરે તેની ગણતરી કરીને પીસરેટ પ્રમાણે પગાર સ્લીપ આપ્યા બાદ, પગાર પત્રકમાં સહી કરાવ્યા બાદ દર મહીનાના અંતે પગાર આપવામાં આવતો હતો તથા તેમાંથી પી.એફ.

ફંડની પણ કપાત કરવામાં આવતી હતી. વધુમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૨ માં જોડાયા ત્યારે તેનું નામ ''ગુજરાત સાઈકલ'' હતું અને ૧૯૮૮ માં હીરો હોન્ડાના પાર્ટસ બનાવવાની શરૂઆત કરેલી અને હાલના બીજા પક્ષકારને કોઈપણ જાતની સર્વિસ બ્રેક આપવામાં આવેલ ન હતી. પ્રથમ પક્ષકાર કંપની એકટ હેઠળ નોંધાયેલ છે તેને ઔધોગિક ધારો લાગુ પડે છે. પ્રથમ પક્ષકાર નંબર–૧ માં કાયમી કામદારની ચાર્ટર્ડ ઓફ ડીમાન્ડમાં સમાધાન પીરીયડ પૂરો થતાં અમુક કર્મચારીઓ કેમીકલ મઝદુર પંચાયતના સભ્યો બન્યા હતા અને તેમાં ચાર્ટર્ડ ઓફ ડીમાન્ડની નોટીસ આપતાં ત્યારબાદ તેમાં એપ્રિલ–૨૦૧૧ માં સમાધાન થતાં અમુક કામદારોને કાયમી ગણી કાયમીના લાભ આપવામાં આવેલા અને સમાધાનની શરતો મુજબ ઉત્પાદનના લક્ષ્યાંક કરતા વધારે કામ થાય તો દોઢ ગણા પૈસા ચૂકવવાનું નકકી થયેલું.

જયારે બીજા પક્ષકાર તારીખ: ૦૨/૦૪/૨૦૧૧ ના રોજ પ્રથમ પક્ષકાર નંબર–૧ માં પોતાની બીજી પાળીમાં હાજર હતા ત્યારે નકકી કરેલો લક્ષ્યાંક પ્રમાણે ઉત્પાદન આપી રહયા હતા તે સમયે સમાધાન કરારમાં જણાવ્યા પ્રમાણે મટીરીયલ બીજા પક્ષકારને ફરજ પર હાજર કામદારને આપવાના બદલે પ્રથમ પક્ષકાર નંબર–૧ અને ૨ ના મેળાપીપણામાં અન્ય બહારની કંપનીમાં કામ કરાવવા માટે મટીરીયલ મોકલવાની તૈયારી કરતા હતા જેથી કામદારોએ રજૂઆત કરતા તે ધ્યાનમાં ન લઈને સુપરવાઈઝર પ્રકાશભાઈએ સીકયુરીટી ગાર્ડને બોલાવી રાત્રે ૧૦:૩૦ વાગ્યે ફરજ પરથી મૌખિક હુકમથી છૂટા કરેલા અને તારીખ: ૦૩/૦૪/૨૦૧૧ ના રોજ પ્રથમ પક્ષકાર નં. ૧ માં અઠવાડિક રજા હોય બીજા કામદારોને તારીખ: ૦૪/૦૪/૨૦૧૧ ના રોજ પ્રથમ પાળીમાં ફરજ પર ગયા ત્યારે પ્રથમ પક્ષકાર નં. ૧ અને ૨ એ ગેટ ઉપર મૌખિક રીતે તેઓને ફરજ પર લેવામાં આવવાના નથી તેવી માહિતી આપેલી. આમ, પ્રથમ પક્ષકાર નંબર–૧ અને ૨ ધ્વારા કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચૂકવ્યા વિના છૂટા કરવામાં આવેલા. તેઓએ બીજા પક્ષકારમાં સતત અને સળંગ ૨૪૦ દિવસની નોકરી બજાવેલી. ત્યારબાદ કેમીકલ મઝદુર પંચાયત ધ્વારા તેઓની કાર્યવાહી બરાબર ન કરતા તેઓ બીજા જયોતિ કર્મચારી યુનિયનના સભ્ય

બનેલા. તેથી બીજા યુનિયન ધ્વારા તેઓને તારીખ : ૧૭/ ૧૦/૨૦૧૧ ના રોજ પ્રથમ પક્ષકાર નંબર–૧ અને ૨ સમક્ષ આર.પી.એ.ડી. કરી વિવાદ ઉપસ્થિત કરેલો અને કોન્સીલેશન સમાધાનની પ્રક્રિયામાં પણ પ્રથમ પક્ષકાર નંબર–૧ અને ૨ હાજર હોવા છતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર જાતે કામે આવતા બંધ થયેલા છે, જેથી શ્રમ આયુકતમાં કોન્ટ્રાકટર કામે લેવા તૈયાર હોય બીજા દિવસથી ફરજ પર હાજર થવા જણાવેલ જયારે પ્રથમ પક્ષકારે તેઓ લેખિતમાં જવાબ આપવા માંગે છે તેમ જણાવીને મુદત માંગતા તારીખ : ૨૬/૧૨/૨૦૧૧ ની રાખેલી. ત્યારબાદની મુદતોએ પ્રથમ પક્ષકાર નંબર–૧ તથા ૨ હાજર ન રહેતા સદરહુ રેફરન્સ અત્રેની અદાલતમાં ઉપસ્થિત કરવામાં આવેલો. જેથી આ કામના પ્રથમ પક્ષકારોએ તેઓને હાજર કરવા માટે કોઈપત્ર પણ લખેલ ન હોય અને તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા ગેરકાયદેસર છૂટા કરેલા હોય તેઓને પડેલા દિવસોના પગાર સહિત પુન: સ્થાપિત કરવાની રજૂઆત કરેલી છે. આ ઉપરાંત તેઓએ સતત અને સળંગ ૨૪૦ દિવસ નોકરી કરેલ હોય ૨૫ (એફ)ની જોગવાઈનો ભંગ કરેલો હોય અને અન્ય કર્મચારીઓને કામે રાખી ૨૫ (જી) (એફ) નો ભંગ કરેલો હોય અને તેઓ છુટક મજુરી કરી ભરણપોષણ કરતા હોય, સામાવાળાનું અરજદારને છૂટા કરવાનું પગલુ ગેરકાયદેસર હોય પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુન: સ્થાપન કરવા રજૂઆત કરેલી છે.

(૬) આ કામે પ્રથમ પક્ષકાર મુખ્ય માલિક નંબર–૧ ધ્વારા આંક–૯ થી લેખિત જવાબ રજૂ કરેલ છે જેમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે હાલના બીજા પ્રક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૨, કોન્ટ્રાકટર કાશીરામ વર્માના કામદાર છે, તેઓના કામદાર નથી જેથી તેઓ વચ્ચે નોકર–માલિકના સંબંધો અસ્તિત્વમાં ન હોય તેઓને છૂટા કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. વધુમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર કંપનીમાં લોડીંગ, અનલોડીંગ હાઉસ કીપીંગનો કાયદેસરનો કોન્ટ્રાકટ રાખતા કોન્ટ્રાકટર છે. બીજા પક્ષકાર કામદારને કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્માએ નોકરીમાં રાખેલા અને તેઓ લોડીંગ અનલોડીંગ અને હાઉસકીપીંગનું કામ કરતા હતા. બીજા પક્ષકારના કામદારને કામની સોંપણી, તેમના કામ પર દેખરેખ વગેરે તેમના માલિક અને કોન્ટ્રાકટર કાશીરામ વર્મા

અથવા તેના સુપરવાઈઝર કરતા હતા. તેઓની હાજરી તેઓનો પગાર કોન્ટ્રાકટર ધ્વારા કરવામાં આવતો હતો અને બીજા પક્ષકારને સારી નોકરી મળી ગયેલ હોય તેથી સ્વૈચ્છાએ નોકરી છોડેલ હોય અને લાંબા સમય બાદ વિવાદ ઉપસ્થિત કરેલ છે અને કોન્ટ્રાકટરના તેઓ કામદાર હોય, પ્રથમ પક્ષકાર નંબર-૧ માં પુન: સ્થાપન થવાનો કોઈ અધિકાર ન હોય રેફરન્સ રદ કરવા રજૂઆત કરેલ છે.

(૭) આ કામે પ્રથમ પક્ષકાર નંબર-ર કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્મા ધ્વારા આંક-ર૪ થી લેખિત જવાબ રજૂ કરેલ છે જેમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર ધ્વારા માંગણાના નિવેદનમાં જે હકીકતો દર્શાવેલી છે, તે તમામ ખોટી અને ઉપજાવી કાઢેલ છે, તેથી તેઓને કબુલ મંજૂર નથી. વધુમાં તેઓનો કોન્ટ્રાકટ મુંજાલ ઈન્ડસ્ટ્રીઝમાં ચાલતો હતો અને બીજા પક્ષકારને જરૂરિયાત મુજબ કોન્ટ્રાકટ બેઝીસથી કેજયુઅલ કોન્ટ્રાકટ વર્કર તરીકે જે તે સમયે રાખેલા અને જયારે જયારે કામ હોય ત્યારે કામ પુરતા રાખવામાં આવેલ. અમારો કોન્ટ્રાકટ કંપનીમાં કાયમી ધોરણે ન હતો. સદરહુ બીજા પક્ષકારને કામ પર આવવા જણાવેલ તેમ છતાં તેઓ કામ પર આવેલા નહીં. આમ, ફરિયાદમાં જણાવેલ તારીખે કોઈ કોઝ ઓફ એકશન એરાઈઝ થયેલ નથી. સદર કોન્ટ્રાકટ સને ર૦૧૧ માં કંપનીએ બંધ કરી દીધેલ હોય ત્યારબાદ અમે અમારા ગામે જતા રહયા હતા. આમ, કોન્ટ્રાકટ બંધ થવાથી અમારી પાસે કોઈ કામગીરી રહેલ નથી તેમજ અમારો કોઈ કોન્ટ્રાકટ કોઈ કંપનીમાં ચાલતો નથી અને અમો પોતે બેકાર છીએ. અમારી જાણ મુજબ સદરહુ બીજા પક્ષકાર સાલીન બેરીંગ પ્રા. લિમિટેડ સંસ્થામાં ફરજ બજાવતા આવેલ છે તે કાયદેસર રીતે ધ્યાનમાં લેતાં અમારો કોન્ટ્રાકટ બંધ થઈ ગયેલ છે. તેથી નોકરી ઉપર લેવાનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી તેમજ સદરહુ બીજા પક્ષકાર અન્ય સંસ્થામાં ફરજ બજાવતા આવેલ છે. તેથી પાછલો પગાર મેળવવા માટે તેઓ હકકદાર થતાં નથી, તેમ જાહેર કરી ઉપરોકત અમારો જવાબ ગ્રાહય રાખી અરજદારનો રેફરન્સ રદ કરવા રજૂઆત કરેલી છે.

(૮) આ કામે અરજદાર તરફે સામાવાળા સામે આંક-૧ર થી દસ્તાવેજી પુરાવાની અરજી રજૂ કરતા બન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ મારા પુરોગામી સાહેબશ્રીએ નીચે મુજબનો હુકમ

ફરમાવેલો છે.

**:: હુકમ ::**

**(૧)** અરજદારની હાલની અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

**(૨)** હાલની અરજીમાં દસ્તાવેજી પુરાવા યાદીમાં જણાવેલ દસ્તાવેજો પૈકી અ.નં. ૧,૨,૪ થી ૬ તથા ૯ થી ૧૧ મુજબના દસ્તાવેજો સામાવાળા નં. ૧ અને ૨ પૈકી જેના કબજામાં રહેતા હોય તેઓએ હાલના અરજદાર પુરતા સંબંધીત દસ્તાવેજો આ હુકમ થયેથી દિન-૩૦ માં રજૂ કરવા અને જો આવા દસ્તાવેજો સામાવાળાઓના કબજામાં ન હોય તો તે અંગેનું સોગંદનામુ રજૂ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**(૩)** દસ્તાવેજી પુરાવાઓની યાદી પૈકીના અ.નં. ૩, ૭ તથા ૮ મુજબના દસ્તાવેજો રજૂ કરવા અંગેની અરજદારની માંગણી નામંજૂર કરવામાં આવે છે.

**(૯)** આ કામે અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલાં છે.

**<u>આંક-૧૬ થી દસ્તાવેજી પુરાવા.</u>**

(૧) બીજા પક્ષકાર તરફે યુનિયને પક્ષકાર નંબર એક અને બે ને વિવાદ ઉપસ્થિત કરતી નોટીસ આર.પી.એ.ડી. થી તારીખ: ૧૭/૧૦/૨૦૧૧ ના રોજ મોકલી તેની અસલ કોપી

(૨) સદર નોટીસ પક્ષકાર નંબર-એક ને મળ્યા અંગેની અસલ પહોંચ

(૩) સદર નોટીસ પક્ષકાર નંબર-૨ એ ''લેફ્ટ'' શેરા સાથે પરત આવેલ અસલ કવર

(૪) શ્રી રાજેશ રામચરિત વર્મા અને રામલાલ આર.કોરીના નામથી પક્ષકાર નંબર-એક અને બે ને આર.પી.એ.ડી. થી તારીખ: ૧/૧૧/૨૦૧૧ ના રોજ મોકલી હતી જેની અસલ કોપી

(૫) સદર નોટીસ પક્ષકાર નંબર એકે સ્વીકારી તે અંગેની અસલ પહોંચ

(૬) સદર નોટીસ પક્ષકાર નંબર બે એ ''લેફ્ટ'' ના શેરા સાથે પરત મોકલેલ અસલ કવર

(૭) બીજા પક્ષકારોની તારીખ: ૧૭/૧૦/૨૦૧૧ અને ૧/૧૧/૨૦૧૧ ની નોટીસ મળ્યાં બાદ પ્રથમ પક્ષકાર એક તરફથી યુનિયનનાં સરનામે તારીખ: ૧૩/૧/૨૦૧૧ નાંખેલ જવાબની અસલ કોપીઓ

(૮) પ્રથમ પક્ષકાર નંબર એકની નોટીસનો વળતો જવાબ યુનિયને તારીખ: ૨૭/૧/૨૦૧૨ ના રોજ <u>બાય ફેકસ</u> થી મોકલ્યો જે નોટીસની અસલ કોપી

(૯) સદર નોટીસ ફેકસથી મળ્યાની "OK" ની અસલ રસીદ

(૧૦) પક્ષકાર નંબર બે તરફે પક્ષકાર નંબર એક ને કામદારોના નામ, દાખલ તારીખ અને કોડ નંબર લખી તારીખ: ૧૪/૨/૨૦૧૧ ના રોજ આપેલ અરજીની ઝેરોક્ષ નકલ.

**<u>આંક-૧૭ થી દસ્તાવેજી પુરાવા.</u>**

(૧) બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નંબર (૨) તરફથી આપવામાં આવેલ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ.

(૨) પક્ષકાર નંબર-૧ અને ૨ તથા કામદારોની સહી સાથે તારીખ: ૧૧/૨/૨૦૧૦ ના રોજ થયેલ પ્રોડકશન અંગેના સમાધાનની ઝેરોક્ષ નકલ

(૩) યુનિયન ધ્વારા પી.એફ. કમિશનરશ્રીને આપેલ તારીખ: ૧/૧૦/૦૮, ૧૫/૪/૦૯

અને ૨૪/૪/૨૦૦૯ ના રોજ કરેલ લેખિત ફરિયાદની ઝેરોક્ષ નકલો

(૪) તારીખ: ૪/૪/૨૦૧૨ ના રોજ ફરીથી પી.એફ.ફંડની લેખિત ફરિયાદ પી.એફ. કમિશનરને બાય ફેકસથી આપેલ નોટીસની અસલ નોટીસ પુરાવા સાથેની ઝેરોક્ષ નકલ

(૫) તારીખ: ૪/૪/૨૦૧૨ ની લેખિત ફરિયાદ બાદ ફરી બીજી નોટીસ બાય ફેકસથી તારીખ: ૨૫/૬/૨૦૧૨ ના રોજ આપેલ અસલ નોટીસ

(૬) બીજા પક્ષકારને આપવામાં આવેલ વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ ના માસની અસલ પગાર સ્લીપ.

**<u>આંક-૨૭ થી દસ્તાવેજી પુરાવા.</u>**

(૧) પ્રથમ પક્ષકાર નંબર (૧) અને યુનિયન વચ્ચે તારીખ : ૨૪/૦૫/૨૦૧૧ ના રોજ થયેલ સમાધાનની નકલ.

(૨) શ્રમયોગીને કોન્ટ્રાકટમાંથી કંપનીમાં કાયમી કર્યા ત્યારબાદ આપેલ ઓળખકાર્ડની ઝેરોક્ષ કોપી.

(૩) શ્રમયોગીને કોન્ટ્રાકટમાંથી કંપનીમાં કાયમી કર્યા ત્યારબાદ આપેલ ઓળખકાર્ડની ઝેરોક્ષ કોપી.

(૪) શ્રમયોગી મિતેષ પટેલને કંપનીએ કાયમી કર્યા બાદ આપવામાં આવેલ પક્ષકાર નંબર (૧) ના નામની જાન્યુઆરી-૨૦૧૮ ના માસની પગાર પાવતીની ઝેરોક્ષ નકલ.

**<u>આંક-૩૧ થી દસ્તાવેજી પુરાવા.</u>**

(૧) કોન્ટ્રાકટરની પારસનાથની મે-૨૦૧૧ ની પગાર સ્લીપ

**(૧૦)** આ કામે સામાવાળા તરફે આંક-૨૯ થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલાં છે.

**<u>આંક-૨૯ થી દસ્તાવેજી પુરાવા.</u>**

(૨૯/૧) તારીખ : ૨૭/૧૦/૨૦૧૮ નો મુંજાલ ઓટોનો પત્ર.

આ કામે બીજા પક્ષકાર તરફે આંક-૩૩ થી દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**<u>આંક-૩૩ થી દસ્તાવેજી પુરાવા.</u>**

(૧) આર.એસ. એન્ટરપ્રાઈઝનો તારીખ : ૩૦/૦૮/૨૦૧૧ નો પત્ર. (રામપરેશ પાશવાને તારીખ : ૩૧/૦૩/૨૦૧૧ ના કાશીકામનો કોન્ટ્રાકટર પુરો થતાં આર. એસ. એન્ટરપ્રાઈઝમાં મોકલી આપેલ પત્ર)

**(૧૧)** બીજા પક્ષકાર તરફે આંક-૧૮(એ) થી પુરાવાનું સોગંદનામુ રજૂ કરવામાં આવેલું છે અને આંક-૩ થી માંગણાંના નિવેદનની હકીકતો મુજબનું સોગંદનામું રજુ કરેલ છે.

આ કામે બીજા પક્ષકાર તરફે આંક-૨૬ થી વધારાનું સોગંદનામુ રજૂ કરેલ છે અને જણાવેલ છે કે તેઓ સામાવાળા નંબર-૨ કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં

સામાવાળા નંબર–૧ મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝ લી. માં કોન્ટ્રાકટરના કામદાર તરીકે તા. ૨૫/૧૧/૧૯૯૫ ના રોજ ગ્રાઈન્ડરમેનના હોદ્દા ઉપર જોડાયેલા. વધુમાં તેઓ સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે સદરહુ મેનેજમેન્ટમા અલગ અલગ કોન્ટ્રાકટ ચાલતા હોય, તેઓની વચ્ચે સમાધાન થતા અમુક કોન્ટ્રાકટના કામદારોને કાયમી કરેલ છે. અને હાલના કામદારને કાયમી ન કરતાં તેઓ યુનિયનમાં જોડાયેલા અને સદરહુ રેફરન્સ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે સામાવાળા કોન્ટ્રાકટરે તેઓને નોકરી ઉપરથી છૂટા કરી દીધેલા અને તેઓને છૂટા કરતી વખતે કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર કે કામ કરેલા દિવસોનો પગાર પણ ચૂકવેલ ન હોય તેઓને પડેલા દિવસોના પગાર સહિત પુન:સ્થાપિત કરવા રજૂઆત કરેલી છે.

(૧૨) આ કામે બીજા પક્ષકારની સામાવાળા સંસ્થા ધ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ છે જે વંચાણે લેતાં...., ''હું કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં કઈ તારીખે દાખલ થયેલો તે મને યાદ નથી. મને કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાંથી કઈ તારીખે છૂટો કર્યો તે પણ મને યાદ નથી. એ વાત ખરી છે કે હું કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં કામ કરતો હતો. એ વાત ખરી નથી કે કાશીરામ વર્માનો કોન્ટ્રાકટ સને ૨૦૧૧ માં બંધ થયેલો. એ વાતની મને ખબર નથી કે હાલમાં કાશીરામ વર્માનો કોન્ટ્રાકટ ચાલુ છે કે કેમ. હું સને ૧૯૯૮ માં દાખલ થયેલો એ બાબતે હું જણાવું છું કે મને આઈકાર્ડ આપેલુ અને કાશીરામ વર્માએ નિ. ૧૬/૧૦ થી જે પત્ર આપેલો તે રજૂ કરેલ છે. હું સને ૨૦૧૨ થી શાલીન બેરીંગમાં કામ કરતો હતો ત્યાં મને મહીને રૂા. ૭ થી ૮ હજાર પગાર મળતો હતો. હાલ હું તા. ૧/૧/૨૦૧૮ થી શીવ પેકેજીંગમાં કામ કરૂ છું. ત્યાં મને ૧૪ હજાર જેટલો મહીને પગાર મળે છે. મારો ઘરખર્ચ ૮ થી ૧૦ હજાર જેટલો થાય છે. ઘરનો ખર્ચાનું મેઈન્ટેનન્સ હું કરૂ છું. ''

(૧૩) આ કામે સામાવાળા કોન્ટ્રાકટર તરફે આંક–૩૦ થી ડાભી સુનિલકુમાર હર્ષદભાઈનું સોગંદનામુ વંચાણે લેતાં તેઓ સુપરવાઈઝર તરીકે અગાઉ કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં કામ કરતા હતા. તેઓ કામદારોને ઓળખે છે. કામદારોએ કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં પાંચ–છ વર્ષ કામ કરેલ. તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ કાશીરામ વર્માએ કોન્ટ્રાકટ રદ

કરેલ અને તે દિવસથી તમામ કામદારોની નોકરીનો અંત આવેલ. કાશીરામ વર્માનો કોન્ટ્રાકટ મુંજાલ ઈન્ડસ્ટ્રીઝ લી. માં ચાલતો નથી તે અંગે કંપનીએ તારીખ : ૨૭/૧૦/૨૦૧૮ ના રોજ સર્ટીફિકેટ આપેલ છે. મને મળેલ માહિતી મુજબ અનિલભાઈ રામપ્રકાશ વર્મા વાઘોડીયામા આવેલ કંપનીમાં પોતાનો કોન્ટ્રાકટ ચલાવે છે.

**(૧૪)** ઉપરોકત સાહેદની અરજદાર તરફે યુનિયન પ્રતિનિધિ શ્રી એસ.પી.બીનીવાલેએ ઉલટ તપાસ કરેલ છે, તે વંચાણે લેતાં..., ''હું કાશીરામના કોન્ટ્રાકટમાં કયારે જોડાયેલો તે હાલ મને યાદ નથી. હું કાશીરામના કોન્ટ્રાકટમાં જોઈન્ટ પોલીસનું કામ કરતો હતો અને તે વખતે કંપનીમાં જોઈન્ટ પોલીસમાં કાયમી કામદારો પણ કામ કરતા હતા. મારી પાસે સુપરવાઈઝર તરીકે કામ કરૂ એવો કોઈ લેખિત હુકમ મને કોન્ટ્રાકટરે આપેલ નથી. એ વાત ખરી છે કે રામસુરત સાહેબુ રાવત અને અન્ય ૧૨, ૧૩ જણા જે કોન્ટ્રાકટમાં કામ કરતા તેઓને હું ઓળખુ છું. મને આંક ૨૭/૨ બતાવવામાં આવે છે તેમાં રામપ્રવેશ ડી.પાસવાનને હુ ઓળખુ છું અને તેઓને કંપનીએ તા. ૧/૪/ ૨૦૧૩ થી કાયમી કર્યા તેનું ઓળખકાર્ડ છે. એ વાત ખરી છે કે આ રામપ્રવેશ ડી. પાસવાન પણ કાશીરામના કોન્ટ્રાકટમા કામ કરતા હતા. મને આંક-૨૭/૩ બતાવવામાં આવે છે તેમાં મુકેશ પટેલ પણ કાશીરામના કોન્ટ્રાકટમાં કામ કરતા હતા અને તેને કાયમી કર્યા તેનુ ખોળખકાર્ડ છે. મને આંક-૨૭/૪ બતાવવામાં આવે છે તેમાં મુકેશ પટેલને કાયમી કર્યા પછી આપેલી પગાર ચિઠ્ઠી છે. મને આંક-૧૬/૧૦ બતાવવામાં આવે છે તેમાં કાશીરામના કોન્ટ્રાકટમાં જોઈનીંગ તારીખ અને કોડ નબર છે અને તે વખતે ૪૪ કામદારો કામ કરતા હતા. એ વાતની મને ખબર નથી કે જુદા જુદા કોન્ટ્રાકટના કામદારો ભેગા મળીને કાયમી કરવા માટે ચાટર્ડ ઓફ ડીમાન્ડ દાખલ કરેલી. મને જુબાની આપવા માટે કાશીરામ કોન્ટ્રાકટર દ્વારા સૂચના આપવામાં આવેલી. સને ૨૦૧૨ થી કેસ ચાલતો હતો તે દરમિયાન કોન્ટ્રાકટ રદ થયો છે એવી કોઈ રજૂઆત મેં કોર્ટમાં કરેલી નહીં. મને આંક-૩૧/૧ બતાવવામાં આવે છે તે કાશીરામ વર્મા કોન્ટ્રાકટરની મે-૨૦૧૧ ની પારસનાથની પગાર સ્લીપ જોઈને કહુ છું કે તેના વિશે મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, તારીખ ૩૧/૩/૨૦૧૧ ના રોજ કોન્ટ્રાકટ રદ થતાં ૧૪ કામદારો સિવાયના કામદારોને કોઈ

લીગલ ડયુઝ ચૂકવેલા નથી. પેરા-૨ માં મેં જે વિગતો લખાવેલી છે તે મને મળેલ માહિતી મુજબ લખાવેલી છે તેનો કોઈ દસ્તાવેજી પુરાવો મારી જોડે નથી. મારો કોન્ટ્રાકટ તા. ૩૧/૩/૨૦૧૧ ના રોજ કંપની ધ્વારા રદ કરવામાં આવેલો.''

(૧૫) આ કામે બીજા પક્ષકાર તરફે વિદવાન યુનિયન પ્રતિનિધિશ્રી એસ.પી.બીનીવાલેએ તેમની દલીલમાં એવી રજૂઆત કરેલી છે કે, હાલના અરજદાર સામાવાળા કોન્ટ્રાકટર કાશીરામ વર્મામાં કામ કરતા હતા અને સદરહુ કોન્ટ્રાકટર ધ્વારા કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર આપ્યા વિના મૌખિક રીતે છૂટા કરી દીધેલા છે અને છૂટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈનો ભંગ કરેલ છે. તેમજ છૂટા કરી વખતે તેઓને લીગલ ડયુઝ પણ આપેલા નથી. જેથી હાલના અરજદારોને પડેલા દિવસોના પૂરેપુરા પગાર સાથે પુન:સ્થાપિત કરવા રજૂઆત કરેલી છે.

(૧૬) આ કામે સામાવાળા પ્રથમ પક્ષકાર નંબર-૧ તરફે શ્રી પિયુષ ડણાકે તેમની દલીલમાં એવી રજૂઆત કરેલી છે કે હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર-૨ કાશીરામ એન્ડ કંપનીના કોન્ટ્રાકટરના કામદાર છે. હાલના બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે નોકર માલિકના સંબધોનું અસ્તિત્વ જ ના હોય તેઓ સામેની દાદ નામંજૂર કરવા રજૂઆત કરેલી છે, વધુમાં તેઓએ તેમીન દલીલમાં એવી રજૂઆત કરેલી છે કે તેઓ તેમના જવાબમાં સ્પષ્ટપણે હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર-૨ કોન્ટ્રાકટરના કામદાર હતા, તેવી હકીકત સાબિત કરેલ હોય અને તે દસ્તાવેજી પુરાવાથી પણ એ હકીકત સાબિત થતી હોય અરજદારનો રેફરન્સ નામંજૂર કરવા રજૂઆત કરેલી છે.

(૧૭) આ કામે સામાવાળા નં. ૨ કોન્ટ્રાકટર તરફે વિદવાન વકીલશ્રી કે.એમ.શાહ તેમની દલીલમાં જણાવે છે કે આ કામે સામાવાળા નંબર-૧ મુંજાલ ઈન્ડસ્ટ્રીઝમાં કાશીરામ વર્માનો કોન્ટ્રાકટ પૂરો થતાં અરજદારોને છુટા કરવામાં આવેલા છે અને હાલ તેઓનો કોઈ કોન્ટ્રાકટ ચાલુ નથી. આમ, જયારે કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ સામાવાળા નંબર-૧ મુખ્ય માલિક ધ્વારા બંધ કરી દીધેલ હોય તેને કારણે અરજદારને છૂટા કરેલા છે, તેથી તેઓએ કોઈ ટર્મીનેશન કરેલ નથી. તેવા સંજોગોમાં અરજદારને પુન:સ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન ન હોય, અરજદારનો રેફરન્સ રદ કરવા રજૂઆત કરેલી છે.

(૧૮) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજુઆતો અને દલીલો ધ્યાને લેતાં આ રેફરન્સના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: **<u>મુદ્દાઓ</u>** ::

૧. શું શ્રમયોગી સાબિત કરે છે કે, તેઓ કંપનીના કામદાર હતાં અને તેમને ગેરકાયદેસર રીતે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ બચાવની તક આપ્યા સિવાય નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે ?

૨. શું કંપની સાબિત કરે છે કે, શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં ?

૩. શું શ્રમયોગી એ હકીકત સાબિત કરે છે કે, તેમને ગેરકાયદેસર રીતે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ છુટા કરેલાં હોય તેઓ મૂળ જગ્યાએ સાતત્ય સહિત પડેલા દિવસોના પગાર તથા મળવાપાત્ર લાભો સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવા હકકદાર થાય છે ?

૪. શું હુકમ ?

(૧૯) :: <u>જવાબ</u> ::

૧. નકારમાં.

૨. હકારમાં.

૩. અંશત: હકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

:: <u>કારણો</u> ::

(૨૦) **<u>મુદ્દા નંબર (૧) અને (૨)</u> :**

આ કામે બંન્ને મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલાં હોય બન્ને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવી હું જરૂરી સમજું છું.

પ્રસ્તુત રેફરન્સની હકીકતો જોવામાં આવે તો, પ્રસ્તુત રેફરન્સમાં બીજા પક્ષકાર શ્રમયોગીને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુન: સ્થાપિત કરવા કે કેમ? એટલી હકીકતોનો નિર્ણય કરવાનો છે.

આ કામે આંક-૩ થી બીજા પક્ષકાર તરફે માંગણાનું નિવેદન રજૂ કરવામાં આવેલ

છે તે વંચાણે લેવામાં આવે તો પ્રથમ પક્ષકાર નંબર–૨, એ પ્રથમ પક્ષકાર નંબર–૧ માં ચાલતો કોન્ટ્રાકટ છે એવી હકીકત જણાવેલ છે. વધુમાં હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૨ ના કોન્ટ્રાકટ મારફત પ્રથમ પક્ષકાર નંબર–૧ ની સંસ્થામાં તારીખ : ૨૫/૧૧/૧૯૯૫ થી રીમ પોલીસીંગ ખાતામાં ગ્રાઈન્ડરમેન તરીકે નોકરીમાં જોડાયેલા એવી હકીકત જણાવેલ છે.

શ્રમયોગી તરફથી ઉપરોકત હકીકતો સાબિત કરવા માટે આંક–૨૬ થી વધારાનું સોગંદનામુ રજૂ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, તેઓ તારીખ: ૨૫/૧૧/૧૯૯૫ થી રીમ પોલીસીંગ ખાતામાં ગ્રાઈન્ડરમેન તરીકે કોન્ટ્રાકટરના કામદાર તરીકે સામાવાળા નંબર–૨ માં સામાવાળા નંબર–૧ મુખ્ય માલિકમાં જોડાયેલા.

(૨૧) આ કામે અરજદારની સામાવાળા તરફે જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે, તે વંચાણેલેવામાં આવે તો.., ''હું કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં કઈ તારીખે દાખલ થયેલો તે મને યાદ નથી. મને કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાંથી કઈ તારીખે છૂટો કર્યો તે પણ મને યાદ નથી. એ વાત ખરી છે કે હું કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં કામ કરતો હતો.''

(૨૨) સામાવાળા નંબર–૧ કંપનીના વિ. યુનિયન પ્રતિનિધિશ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો કાશીરામ વર્માના કોન્ટાકટમાંથી તેઓને કયારે દાખલ થયા અને કયારે છૂટા થયા તે યાદ નથી. એ વાત ખરી છે કે, હું કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં કામ કરતો હતો. આમ, જયારે અરજદાર પોતે જ સ્વીકારતા હોય ત્યારે તે હકીકત સાબિત થયેલી છે તેમ કહેવાય. આ સ્વીકૃતિ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૭ મુજબ સ્વીકૃતિ કહેવાય અને તેને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૭ થી કલમ–૨૧ ના પ્રબંધો લાગુ પડે. શ્રમયોગીએ મૌખિક પુરાવામાં તો એ હકીકત સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, તેઓ કોન્ટ્રાકટરના કામદાર હતાં. આમ, શ્રમયોગી પ્રથમ પક્ષકાર નંબર–૨ કોન્ટ્રાકટર કાશીરામ વર્મા એન્ડ કંપનીમાં કામ કરતાં હતાં અને તેમની વચ્ચે કામદાર–માલિકનો સંબંધ હતો તે હકીકત સાબિત થાય છે.

આમ, માત્ર શ્રમયોગીનું કામ પ્રથમ પક્ષકાર નંબર (૧) કંપનીમાં ચાલતું હોવાથી

તેઓ કંપનીના કામદાર છે તેવું સાબિત થતું નથી. આમ, શ્રમયોગીની ઉલટ તપાસની સ્વીકૃતિ અને રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાથી જ એ હકીકત સાબિત થઈ જાય છે કે, શ્રમયોગી કંપનીના કામદાર ન હતાં અને તેઓ કોન્ટ્રાકટરના કામદાર હતાં. આમ, શ્રમયોગી મુદ્દા નંબર (૧) ની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેનો નિર્ણય 'નકારમાં' ઠરાવું છું, જયારે કંપની એ હકીકત સાબિત કરી શકે છે કે, શ્રમયોગી કોન્ટ્રાકટરના કામદાર હતાં, તેથી મુદ્દા નંબર (૨) નો નિર્ણય 'હકારમાં' ઠરાવું છું.

(૨૩) **<u>મુદ્દા નંબર–૩ :</u>**

આ કામે સમગ્રપણે રજૂ થયેલ દસ્તાવેજી અને મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે સામાવાળા નંબર–૨ કોન્ટ્રાકટર કાશીરામ વર્મા ધ્વારા મુખ્યત્વે એવી તકરાર લેવામાં આવેલ છે કે, તેઓનો કોન્ટ્રાકટ તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ પૂરો થઈ ગયેલો અને તે અનુસંધાને આંક–૨૯/૧ થી તા. ૨૭/૧૦/૨૦૧૮ નો મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝનો પત્ર રજૂ કરેલ છે જે અન્વયે તા. ૩૧/૦૩/૨૦૧૧ થી તેમનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવેલ છે એવો પત્ર રજૂ કરેલ છે.

(૨૪) આ કામે કોન્ટ્રાકટરની ઉપરોકત રજુઆતના સંદર્ભમાં અરજદાર તરફે એવી રજુઆત છે કે, કોન્ટ્રાકટર ધ્વારા આંક–૧૨ ની અરજીમાં દસ્તાવેજો રજુ કરવાનો હુકમ થયેલ હોવા છતાં કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી. આ કામે સામાવાળા કોન્ટ્રાકટર ધ્વારા તેઓનો કોન્ટ્રાકટ તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ બંધ થઈ ગયેલ છે તેવો મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝનો પત્ર રજૂ કરેલ છે, તો સામે અરજદાર ધ્વારા આંક–૩૧/૧ થી કામદાર પારસનાથના નામની કાશીરામ વર્મા એન્ડ કંપની ધ્વારા સને મે–૨૦૧૧ ની પગાર પાવતી રજૂ કરેલ છે. જે વંચાણે લેતાં જેમાં ૨૪ દિવસ હાજરી મુજબની ગણતરીના નેટ રૂા. ૭૬૯૯.૨૨ પૈસા ચૂકવેલ છે.

**૨૪.૧** આ કામે સામાવાળા કોન્ટ્રાકટર તરીકે આંક–૩૦ થી ડાભી સુનિલકુમાર હર્ષદભાઈનો સોગંદ પરનો પુરાવો રજૂ કરેલ છે તો તેનું સોગંદનામુ વંચાણે લેવામાં આવે તો, કાશીરામ વર્માનો કોન્ટ્રાકટ મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં ચાલતો હતો. હું

કાશીરામ વર્માના કોન્ટ્રાકટમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતો હતો. કામદારોને હું ઓળખું છું. કામદારોની નોકરીનો અંત તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ કોન્ટ્રાકટ રદ થતાં આવેલો. ત્યારથી કાશીરામનો કોન્ટ્રાકટ મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં ચાલતો નથી, એવું સર્ટીફિકેટ મેં રજૂ કરેલું છે. આ સાહેદની અરજદાર તરફે ઉલટ તપાસ લેતાં તેઓ એવી હકકીત સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે રામસુરત સાહેબુ રાવત અને અન્ય ૧૨-૧૩ જણાં એ કોન્ટ્રાકટમાં કામ કરતાં તેઓનું હું ઓળખું છું. મને આંક-૩૧/૧ બતાવવામાં આવે છે તે કાશીરામ વર્મા કોન્ટ્રાકટરની મે-૨૦૧૧ ની કામદાર પારસનાથની પગાર સ્લીપ જોઈને કહુ છું કે તેના વિષે મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ કોન્ટ્રાકટ રદ થતાં ૧૪ કામદારો સિવાયના કામદારોને કોઈ લીગલ ડયુઝ ચૂકવેલા નહીં.

**૨૪.૨** આ કામે સામાવાળા કોન્ટ્રાકટર તરફે એવી રજૂઆત છે કે, તેઓનો કોન્ટ્રાકટ મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ રદ થતાં તેઓએ કામદારોને છૂટા કરેલા છે, જયારે અરજદારોની એવી રજૂઆત કે તેઓને તા. ૦૪/૦૪/૨૦૧૧ ના રોજ છૂટા કરેલા છે. આ તબકકે કોન્ટ્રાકટર તરફે વિ. વકીલશ્રી કે. એમ. શાહ તેમની દલીલોમાં જણાવે છે કે, તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ તેઓનો કોન્ટ્રાકટ રદ થઈ ગયેલો અને તેના અનુસધાને તેઓએ આંક-૨૯/૧ થી મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝનો તેઓનો કોન્ટ્રાકટ તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ રદ થઈ ગયેલો છે તેવો પત્ર રજૂ કરેલો છે. આ કામે અરજદાર તરફે સામાવાળા સંસ્થાના કોન્ટ્રાકટરના સાહેદની ઉલટ તપાસ કરતાં તેઓ એવી હકીકત સ્વીકારે છે કે, મને આંક-૩૧/૧ બતાવવામાં આવે છે તે કાશીરામ વર્મા કોન્ટ્રાકટરની મે-૨૦૧૧ ની કામદાર પારસનાથની પગાર સ્લીપ જોઈને કહુ છું કે તેના વિષે મને ખ્યાલ નથી. આ કામે ઉપરોકત પગાર પાવતી રજુ થયેલ છે તે સંદર્ભે સામાવાળા કોન્ટ્રાકટર ધ્વારા કોઈ ખંડનકારી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં ઉપરોકત પગાર પાવતી વંચાણે લેતાં તે કાશીરામ વર્માની મે-૨૦૧૧ ની પગાર પાવતી છે તેથી કોન્ટ્રાકટર ધ્વારા તારીખ : ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ કોન્ટ્રાકટ બંધ થયેલ છે તેવી રજુઆત ગ્રાહય રાખવાપાત્ર

જણાતી નથી કારણ કે ઉપરોકત પગાર પાવતી વંચાણે લેતાં મે-૨૦૧૧ સુધી કાશીરામ વર્માનો કોન્ટ્રાકટ ચાલુ હતો તેવી હકીકત ફલીત થાય છે.

વધુમાં સામાવાળા તેઓની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ કોન્ટ્રાકટ રદ થતાં ૧૪ કામદારો સિવાયના કામદારોને કોઈ લીગલ ડયુઝ ચૂકવેલા નહીં. આ તબકકે જયારે અરજદાર તરફે તેઓના સોગંદ પરના પુરાવામાં કાશીરામ વર્માનો કોન્ટ્રાકટ હાલમાં ચાલુ છે એવો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. ત્યારે સામાવાળા નં. ૨ કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ હાલ અસ્તિત્વમાં નથી એવું માનવાને કારણ રહે છે. આમ, જયારે સામાવાળા સંસ્થાનો કોન્ટ્રાકટ અસ્તિત્વમાં ન હોય ત્યારે અરજદારોને પુન:સ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ કામે અરજદાર તરફે સામાવાળાની ઉલટ તપાસથી એવી હકીકત ફલિત થાય છે કે, કોન્ટ્રાકટ રદ થતાં તેઓએ કામદારોના કોઈ લીગલ ડયુઝ ચૂકવેલા નથી. હવે આ કામે જયારે ઉલટ તપાસમાં સામાવાળા તરફે એવી હકીકત સ્વીકારતા હોય કે કામદારોને છૂટા કરતી વખતે કોઈ લીગલ ડયુઝ ચૂકવેલા નથી. આ તબકકે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(એફ) વંચાણે લેવામાં આવે તો..,

***[Section 25-F** : **Conditions precedent to retrenchment of workmen***

*No workman employed in any industry who has been in continuous service for not less than one year under an employer shall be retrenched by that employer until -*

*(a) the workman has been given one month's notice in writing indicating the reasons for retrenchment and the period of notice has expired, or the workman has been paid in lieu of such notice, wages for the period of the notice;*

*(b) the workman has been paid, at the time of retrenchment compensation which shall be equivalent to fifteen days' average pay [for every completed year of continuous service] or any part thereof in excess of six months; and*

*(c) notice in the prescribed manner is served on the appropriate Government [or such authority as may be specified by the appropriate Government by notification in the Official Gazette.]*

**૨૪.૩** ઔદ્યોગિક વિવાદ ધારા -૧૯૪૭ ની ઉપરોકત કલમ-૨૫ (એફ) ની જોગવાઈ મુજબ કામદારની છટણી કરતા પહેલાં તેઓની સળંગ વર્ષો મુજબ ચૂકવવા પાત્ર

છટણી વળતર આપવું જરૂરી છે તેમજ શ્રમયોગીને નોટીસ, નોટીસ પગાર આપ્યા સિવાય તેઓને છૂટા કરવાના કારણોની લેખિતમાં જાણ કર્યા સિવાય નોકરી ઉપરથી છૂટા કરી શકાય નહીં. હાલના કેસમાં સામાવાળા સંસ્થાએ અરજદારને મૌખિક હુકમથી તારીખ: ૦૪/૦૪/૨૦૧૧ ના રોજ છૂટા કરી દીધેલ હોય, સામાવાળા નંબર (૨) કોન્ટ્રાકટરનું પગલું ઉપરોકત કાયદાકીય જોગવાઈને અનુસર્યા વગરનું હોય અને કાયદા-૧૯૪૭ ની કલમ-૨૫ (એફ) ની જોગવાઈનો ભંગ થયેલ હોય, ત્યારે સામાવાળા નંબર (૨) કોન્ટ્રાકટરનું આવું પગલું ગેરકાયદેસર છટણી બની રહે છે. વધુમાં આ કામે સામાવાળાની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારતા હોય કે, અરજદારોને છૂટા કરતી વખતે કોઈ લીગલ ડયુઝ ચૂકવેલા નથી, ત્યારે હાલના અરજદારોને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈનો ભંગ કરીને છૂટા કરેલાનું જણાય આવે છે. વધુમાં હાલમાં સામાવાળાનો કોન્ટ્રાકટ ચાલુ છે એવી હકીકત અરજદાર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેથી અરજદારને પુન:સ્થાપન કરી શકાય નહીં.

**(૨૫)** આ કામે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે જયારે કોન્ટ્રાકટ અસ્તિત્વમાં ના હોય ત્યારે અરજદાર પુન: સ્થાપિત થવા માટે હકકદાર થતાં નથી અને જયારે પુન: સ્થાપનનો હકક મળતો ના હોય તે સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા (૧) મુરારીલાલ શર્મા વિરૂધ્ધ નહેરૂ યુવા કેન્દ્ર ૨૦૦૨ એલ.એલ.જે. પાના નંબર : ૪૦૧ અને (૨) ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરૂધ્ધ મુળુ અમરાના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે અરજદારના પુન:સ્થાપન કરવાના હુકમની અમલવારી થઈ શકે તેવી પરીસ્થિતી અને સંજોગો ના હોય ત્યારે શ્રમયોગીને પુન: સ્થાપિત કરવાના બદલે લમસમ વળતર ચુકવવાનો હુકમ કરવો જોઈએ.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા (૧) ૨૦૦૯(૫) સુપ્રિમ કોર્ટ ૬૨૯ જગબીરસિંહ વિરૂધ્ધ હરીયાણા સ્ટેટ એગ્રીકલ્ચર બોર્ડ અને (૨) ૨૦૦૮(૨) એલ.એલ.જે. ૬૮૮ સીતારામ અને અન્ય વિરૂધ્ધ મોતીલાલ નહેરૂ ખેડૂત તાલીમ કેન્દ્રના ચુકાદામાં નિમણૂંકની કાર્યવાહી, નોકરીનો પ્રકાર, નોકરીનો સમયગાળો ધ્યાને લઈને વળતર ચુકવવું જોઈએ. તેથી ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદારની નોકરીનો સમયગાળો, અરજદારનો પગાર વિગેરે હકીકતોને ધ્યાને લઈને અરજદારને લમ્પસમ વળતર પેટે રૂા. ૬૦,૦૦૦/-

ચુકવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારું માનવું છે. તેથી મુદ્દા નંબર–૩ નો જવાબ ''અંશત: હકારમાં'' આપી મુદ્દા નંબર–૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

(૨૬) **મુદ્દા નંબર–૪ :**

ઉપરોકત સમગ્ર ચર્ચાને અંતે મુદ્દા નંબર–૪ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદારનો રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારને સામાવાળા નંબર (૨) કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્માએ છૂટા કરેલ હોવાનું પગલું ગેરકાયદેસર છટણી હોઈ, રદ કરવામાં આવે છે.

(૩) અરજદારને સામાવાળા નંબર (૨) કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્મામાં પુન: સ્થાપન કરવાને બદલે લમસમ વળતર પેટે રૂા. ૬૦,૦૦૦/– (અંકે રૂપિયા સાઈઠ હજાર પુરા) સામાવાળા નંબર (૨) કોન્ટ્રાકટરશ્રી કાશીરામ વર્માએ અરજદારને એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં ચૂકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) રેફરન્સ ખર્ચની રકમ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) સંસ્થાએ શ્રમયોગીને અલગથી ચુકવી આપવી.

(૫) રેફરન્સ પ્રસિધ્ધી અર્થે નાયબ શ્રમ આયુકતશ્રી, વડોદરાને મોકલી આપવો.

**તારીખ : ૨૨/૦૩/૨૦૧૯**
**વડોદરા.**
જે.એમ.ગાંધી–પી.એ.

**(જાવેદભાઈ દાઉદભાઈ સિંધી)**
**જી.જે.૦૦૮૮૦**
**પ્રમુખ અધિકારી(સિનીયર ડીવીઝન)**
**મજુર અદાલત નંબર(૨), વડોદરા.**